# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**
**CIN:U40102GJ2003SGC042908**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૭/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/૩૬૧ તા..૧૯.૦૩.૨૦૨૨

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG –૩૭/ક્વા-૦૪/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી આફતાબભાઈ ઈકબાલભાઈ મેમણ ગામ – જુનાગઢ
સબડીવીઝન: સેન્ટ્રલ-જુનાગઢ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જુનાગઢ શહેર

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી જુનાગઢ
તારીખ: શનીવાર (૧૯-૦૨-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૯-૦૨-૨૦૨૨ (શનીવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમારે હાલ પીજીવીસીએલ નું ૧ કનેક્શન આવેલ છે અને અમો તેનું રેગ્યુલર બિલ ભરી આપીએ છીએ છતાં હાલ અમારે ત્યાં આધિકારીશ્રી દ્વારા જ્યારે અમારું મીટર ચેક કરવામાં આવેલ ત્યારે એવું કહી આ મીટરમાં પેન્ડિંગ યુનિટ રહેલ છે તેમ કહી આ મીટર પેટે મોટા બિલો આપવામાં આવેલ છે જેની વિગત આ મુજબ છે.

ગ્રાહક નંબર : ૩૪૧૦૫/૦૨૦૩૮/૨

ગ્રાહકનું નામ : અબ્દુલા રહેમાન

બિલની રકમ: ૧૨૮૫૮૦

અમો દરેક બિલ સમયસર ભરી આપીએ છીએ અને આ બિલો લઈ અમે પેટા વિભાગ કચેરીએ રજૂઆત કરેલ તો એવું કહેલ તો એવું કહેલ કે તમારે આ મીટરના પેન્ડિંગ યુનિટ રહેલ છે જેથી તમારે આ બિલ તો ભરવા જ પડશે. જેથી આપ સાહેબને જણાવવાનું કે આ પેન્ડિંગ યુનિટ માટે જવાબદાર કોણ અને તેમાં અમારો શું વાંક? અમારા દ્વારા મીટર કે બિલો ભરવામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ કરવામાં આવતી નથી છતાં અમોને આ માટે એક સાથે મોટી રકમના બિલો આપવામાં આવેલ છે.જયારે અમારી પરિસ્થિતી એટલી નબળી હોય કે અમો આ બિલ એકી સાથે ભરી શકીએ તેમ નથી જેથી આપ સાહેબશ્રીને વિનંતી કે અમારા બિલોમાં વધુમાં વધુ રાહત આપી અને હપ્તો કરી આપવા નમ્ર અરજ છે.આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ સેન્ટ્રલ સબ ડિવિઝન પી.જી.વી.સી.એલ.જૂનાગઢનાં કાર્યક્ષેત્ર હેઠળ વીજ ગ્રાહક શ્રીઅબ્દુલ્લા રહેમાન નામનું ગ્રાહક નંબર ૩૪૧૦૫૦૨૦૩૮૨ વાળું ૧.૦ કીલોવોટનું ઘર વપરાસનું સિંગલ ફેઇઝ વીજ જોડાણ આવેલ છે.સદર વીજ કનેકશનનું તા.૨૩.૦૮.૨૦૨૧ ના રોજ ૨૧૧૮૩ રીડિંગનું (૨૧૧૮૩-૫૫૨૩) ૧૫૬૬૦ યુનિટનું બિલ સ્થળપર બનાવવામાં આવેલ હતું.ગ્રાહકને સદર બિલ તેમના વપરાસ કરતાં વધુ માલૂમ પડતાં અત્રેની પેટા વિભાગીય કચેરી ખાતે તા.૨૪.૦૮.૨૦૨૧ના રોજ મીટર ફાસ્ટ હોવા અંગેની અરજી કરવામાં આવેલ હતી.ગ્રાહકની અરજીના આધારે અત્રેની પેટા વિભાગીય કચેરી દ્વારા તા:૨૪.૦૮.૨૦૨૧ ના રોજ સદર મીટર બદલવામાં આવેલ હતું.

૩.૧ બદલવામાં આવેલ મીટરનું લેબ પરીક્ષણ કરવા માટે અત્રેની કચેરી દ્વારા ગ્રાહકને જાણ કરવામાં આવેલ પરંતુ ગ્રાહક લેબ પરીક્ષણ માટે આપવા આવેલ તારીખ પર હાજર રહેલ નથી.જેથી સદર મીટરનું તા.૦૪.૧૦.૨૦૨૧ ના રોજ કંપની નિયમોનુસાર લેબ પરીક્ષણ કરવામાં આવેલ છે.લેબ પરીક્ષણ તેમજ મીટરના MRI રિપોર્ટ મુજબ મીટર સામાન્ય છે.તેમજ મીટરમાં કોઈ ક્ષતી માલૂમ પડેલ નથી.તેમજ લેબ પરીક્ષણ અને MRI મુજબ માલૂમ પડે છે કે સદર ગ્રાહક દ્વારા પોતાના વીજ વપરાશ મુજબનું વીજ બિલ સ્થળ પર બનાવા દેવામાં આવેલનથી.જેથી સદર વીજ કનેકશનમા યુનિટ વધુ આવેલ છે. ગ્રાહકને આપવામાં આવેલ૧૫૬૬૦ યુનિટનું રકમ રૂ.૧૨૮૫૮૦.૦૦ બિલ તેમના દ્વારા કરવામાં આવેલ વીજ વપરાસ મુજબના યુનીટનું જ આપવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે મુદ્દા નં.૩.૦ અને ૩.૧ મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદાર શ્રી ને જે વીજ બિલ આપવામાં આવેલ છે જે નિયમ મુજબ છે. તેનું લેબ પરીક્ષણ પણ કરવામાં આવેલ છેઅને જેમાં મીટર ના રીડિંગ બરાબર જોવા મળેલ છે તથા એમઆરઆઈ રીપોર્ટ પણ કરવામાં આવેલ છે.

૪.૨ અરજદાર શ્રી ને આપવામાં આવેલ બિલ ભરપાઈ કરવા માટે નો અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૩ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહકફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશેતો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસેએક તૃતીયાંશ રકમ જમા કરાવીહોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરીબ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯